## પ્રેસ નોટ

# ગણેશ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની વિવિધ મુદ્રામાં અને જુદાજુદા માધ્યમોમાંથી બનેલી કલાત્મક મૂર્તીઓ, પેઈન્ટીંગ્સ અને ફોટોગ્રાફસના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ગણેશજીના જન્મની કથા, ધાર્મિક મહત્વ, ગુજરાત તેમજ દેશ–વિદેશમાં ઉજવાતા ગણેશોત્સવની માહિતી, ગણપતિના વિવિધ સ્વરૂપ તેમજ ગણેશ વિસર્જનની મહત્વતા દર્શાવવામાં આવી છે. સદર પ્રદર્શનમાં આર્કીટેકટશ્રી સંજયભાઈ જોશીના અંગત સંગ્રહની વિવિધ કલાત્મક મૂર્તીઓ તેમજ સ.વ.પટેલ મ્યુઝિયમની મૂર્તીઓ જેવી કે, માર્બલ, તાંબુ, પિત્તળ, પથ્થર, ફાઈબર, માટી, ચાંદી, લાકડુ, કાચ, શણ, શંખ–છીપ, સ્ફટીક વિગેરે મૂર્તીઓ ડીસ્પ્લે કરવામાં આવેલ છે અને વિવિધ મુદ્રાના ગણેશજીના ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ  પ્રદર્શન સાયન્સ સેન્ટરના મુલાકાતીઓ તા.૨૪ ઓગસ્ટ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી નિહાળી શકશે.

**<u>પ્રદર્શનનો સમય</u>**

તા. ૨૪, ૨૫, ૨૯ થી ૩૧ ઓગસ્ટ તથા ૧, ૬ થી ૮ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી

તા. ૨૬, ૨૭ ઓગસ્ટ તથા ૨, ૩, ૯,૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી

તા. ૨૮ ઓગસ્ટ તથા ૪ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

**"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિત્તે તા.૨૧/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં સ્પોર્ટસ કલબ/સ્વીમીંગ તેમજ પ્રાઈવેટ સ્પોર્ટસ કબલ ખાતે સ્વચ્છતા અભિયાન ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૧/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં સ્પોર્ટસ કલબ/સ્વીમીંગ તેમજ પ્રાઈવેટ સ્પોર્ટસ કબલ ખાતે સ્વચ્છતા અભિયાન ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૧/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O. તેમજ સ્પોર્ટસ/સ્વીમીંગ કલબનાં સભ્યોની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ મહાનગરપાલિકા સંચાલિત તથા ખાનગી સ્પોર્ટસ/સ્વીમીંગ કલબની અંદર તથા બહારનાં ભાગે ઉપરોકત બનાવેલ ટીમ દ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ.

| સ્પોર્ટસ કલબ/સ્વીમીંગ તેમજ પ્રાઈવેટ સ્પોર્ટસ કબલ | હાજર રહેલ વ્યકિત | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૬ | ૧૨૫ | ૭ | ૩૧ | ૧.૫૦૦ | ૯૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## <u>પ્રેસનોટ</u>

## <u>કવિ શ્રી નર્મદની જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત</u>

## <u>કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે વિવિધ કાર્યક્રમ</u>

સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૫ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૭ મા સ્થાપના દિન નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૭ થી તા.૨૭/૦૮/૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે રંગબેરંગી સુશોભન કરી, કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સામાન્ય જ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, લોકસાહિત્ય, વિજ્ઞાન, પ્રવાસ, જીવનચરિત્ર, ઈતિહાસ વિ. વિષયોને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવશે. તદ્ઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ઉકત યોજનાનો સુરત શહેરના નાગરિકો વધુમાં વધુ લાભ લે તેવી મ.ન.પા. ધ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી''

## સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે; યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૬ના રોજ યોજાનાર કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ : ૨૦૧૫માં સુરતના સપૂત કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત નવિનીકરણ થયેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેની તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ સવારે ૮.૩૦ કલાકે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત લેશે. ત્યારબાદ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોક બજાર, સુરત ખાતે પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદને સુતરાંજલી સહ વંદના કરવામાં આવશે. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો કવિ નર્મદ રચિત ''જય જય ગરવી ગુજરાત''ના નારા અને શૌર્યગીતો ગાતાં કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહેશે. સુરત મહાનગરપાલિકા આયોજીત ઉપરોકત તમામ કાર્યક્રમોમાં સહભાગી થવા નગરજનોને આમંત્રિત કરે છે.

૪૬૫

પ્રેસ નોટ

.......................

**માહે જુલાઈ ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૭ દરમ્યાન ૫૯૭૩ ઈન્ડોર તથા ૬૦૭૨૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૪૧૧૩ તથા ૮૧૦ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૩૭૫૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૮૬૩ અને જુના ૧૬૨૬ દર્દીઓ સહીત કુલ ૨૪૮૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૩૯૪ તથા આંખ વિભાગમાં ૩૩૬૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૨૯૮૯૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

## <u>પ્રેસનોટ</u>

**સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.**

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૭(સાત) મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૦ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭ નો  આઠમો મેડીકલ કેમ્પ તા.૨૬/૦૮/૨૦૧૭ ને શનિવારનાં રોજ **ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવી કૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ, સુરત** ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશયન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા, મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડ્યુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

---

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...0466
તા.૨૨/૦૮/૨૦૧૭

# <u>:પ્રેસનોટ:</u>

**સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) હેઠળના સિમાડા–સરથાણા વિસ્તાર ખાતે આવેલ ચાલુ હાલતના બાંધકામોમાં વી.બી.ડી.સી. વિભાગ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરી <u>મચછરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરતાં ઓર્ગેનાઈઝરો સામે કરેલ કાર્યવાહીની અખબારી યાદી:</u>**

હાલની ચોમાસાની ૠતુ દરમ્યાન મચ્છરજન્ય રોગો જેવાં કે મેલેરિયા, ડેન્ગ્યુ–ચિકનગુનિયા જેવાં રોગચાળો સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવા મે. કમિશ્નરશ્રી તરફથી મળેલ આદેશાનુસાર પૂર્વઝોનના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા રૂટિન કામગીરી કરી શહેરીજનોની સુખાકારી જળવાઈ રહે તેમજ ચાલુ હાલતમાં બાંધકામ ખાતેના વસાહતી મજુરો પણ મચ્છરજન્ય રોગચાળાથી મુકત રહે તે હેતુને ધ્યાને લઈને આકસ્મિક ચેકીંગ હાથ ધરતાં મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડતાં અનુક્રમે (૧) વિજયશ્રી ઈન્ડ્રા. તેમજ (૨) ધામી ડેવલોપર્સ પાસેથી રૂા. ૧૫૦૦૦/– મળીને **કુલ રૂા. ૩૦૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર) વહીવટી ખર્ચ પેટે વસુલાત કરી** જરૂરી જંતુનાશક દવા છંટકાવ કરાવડાવવામાં આવેલ છે.

આથી સુરત શહેરમાં ચાલી આવેલ ચાલુ હાલતમાં બાંધકામના ઓર્ગેનાઈઝરોને જણાવવાનું કે તમારા કબ્જા હેઠળ આવેલ પ્રિમાઈસીસમાં બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂરી ડીઝલ/કેરોસીનનો જથ્થો રાખવાનો રહેશે. અને અઠવાડીક એક દિવસ તમામ પાણી ભરાવાના સ્થળે છંટકાવ કરી મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા પગલાં હાથ ધરવા અનુરોધ કરવામાં આવે છે. તેમજ આરોગ્ય વી.બી.ડી.સી. વિભાગના કર્મચારીઓની સુચનાનું પાલન કરવામાં આવે અને તે મુજબ કાયમી ધોરણે કામગીરી હાથ ધરી અમલવારી કરવાની રહેશે. **અન્યથા કિસ્સામાં બાંધકામ વસવાટની પરવાનગી રદ કરવા સુધીના પગલાં ભરવાની ના છૂટકે ફરજ પડશે. જેની નોંધ લેશો.**

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારો જેવા કે પાંડેસરા, ભેદવાડ, જી.આઈ.ડી.સી., ભગવતી નહેર પાસે ચાલતા બોરવેલ/બોરીંગ દુર કરવાની કામગીરી તા.૨૨/૦૬/૨૦૧૭ રોજ કરી રૂા.૧,૬૦,૦૦૦/–નો દંડ વસુલ કરવામાં આવેલ. ત્યારબાદ ફરી આ વિસ્તારોમુ ઉપરોકત મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બોરીંગ શરૂ કરી ભૂર્ગભ જળ સંપતિ તેમજ સુરત મહાનગરપાલિકાના રસ્તા પર ટેન્કરો દોડાવીને પારાવાર નુકશાન પહોંચાડી રહયા હતા. જેથી આજ રોજ મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે મા.ઝોનલ ચીફ તથા ઝોનલ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૮/૨૦૧૭ ના રોજ બોરવેલ/બોરીંગ દુર કરવાની કામગીરી અત્રેના શહેરી વિકાસ ખાતા, દબાણ ખાતા તેમજ ઈલેકટ્રીક વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. જેના પ્રમુખપાર્ક ભેદવાડ દરગાહ પાસે બોરીંગ નંગ–૦૭, જી.આઈ.ડી.સી.પાંડેસરા ખાતે બોરીંગ નંગ–૦૫ તેમજ ભેસ્તાન ભગવતીનગર પાસે બોરીંગ નંગ–૦૭ દુર કરી બોરીંગ મટીરીયલ્સ સીલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ
# મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ
# સુરત મહાનગરપાલિકા

સ્વાઈન ફલુ અંગેની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ તા.૨૫/૦૮/૨૦૧૭ ગણેશ ચતુર્થી તથા ૨૭/૦૮/૨૦૧૭ ની રવિવારની જાહેર રજાઓમાં મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની ઓપીડી સેવાઓ અડધો દિવસ ચાલુ રાખવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

**"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિત્તે તા.૨૨/૦૮/૧૭નાં રોજ ગોપીતળાવ/એકવેરીયમ/ઝુ ની એન્ટ્રી ટીકીટ પર "સ્વચ્છ ભારત મિશન" નો લોગો પ્રદર્શિત કરવો તથા સ્વચ્છ જનજાગૃતિ અભિયાન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૮/૧૭નાં રોજ ગોપીતળાવ/એકવેરીયમ/ઝુ ની એન્ટ્રી ટીકીટ પર "સ્વચ્છ ભારત મિશન" નો લોગો પ્રદર્શિત કરવો તથા સ્વચ્છ જનજાગૃતિ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૨/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા ઝોન વિસ્તાર પૈકી આવેલ ગોપીતળાવ/એકવેરીયમ/નેચરપાર્કની એન્ટ્રી ટીકીટ ઉપર "સ્વચ્છ ભારત મિશન" નો લોગો તેમજ "સ્વચ્છતા સૂત્ર" છપાવીને પ્રચાર–પ્રસાર કરાવવામાં આવેલ ત્યારબાદ સરથાણા નેચરપાર્ક(પ્રાણી સંગ્રહાલય)માં એલ.ટી.એમ.નાં પાંજરાની વોટરબોડી, પેલીકનનાં પાંજરા તેમજ મગર વિભાગનાં પાંજરાની વોટરબોડીઓ પાણીથી ધોવરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ તદઉપરાંત મેઈનગેટ ઉપર મુલાકાતીઓનું ધનિષ્ઠ ચેકીંગ કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી ઝુમાં પ્લાસ્ટીક થેલીઓ ન લઈ જવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતું.

| સ્થળનું નામ | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| નેચરપાર્ક(પ્રાણી સંગ્રહાલય)–સરથાણા જકાતનાકા/ એકવેરીયમ–પાલ/ગોપતળાવ–નવસારી બજાર | ૮ | ૪૮ | ૧.૩૦૦ | ૫૨૫ |

વધુમાં ઉપરોકત સ્થળોએ તેમજ જાહેર સ્થળોએ કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા અભિયાનનાં પ્રસાર અર્થે બેનરો/હોર્ડીંગ્સ લગાવી બહોળો પ્રચાર–પ્રસાર કરાવવામાં આવેલ.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિત્તે તા.૨૩/૦૮/૧૭નાં રોજ સ્કુલનાં રમતનાં મેદાન ખાતે સ્વચ્છતા અભિયાન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૩/૦૮/૧૭નાં રોજ સ્કુલનાં રમતનાં મેદાન ખાતે સ્વચ્છતા અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૩/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા ઝોન વિસ્તારો પૈકી શાળાઓમાં રમતગમતનાં મેદાનોની સફાઈ સ્પોર્ટસ કલબનાં સભ્યો તથા શાળાઓનાં વિધાર્થીઓ, શિક્ષકોની સંયુકત ટીમો બનાવી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

| સ્કુલની સંખ્યા | સ્પોર્ટસ કલબનાં સભ્યો/ રમતવીરોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૪૫ | ૧૭૫ | ૪૮ | ૧૫૨ | ૧.૨૯૭ | ૭૮૮ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી"
સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે; યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

વિષયઃ સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ યોજાયેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત તથા સવારે ૯.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

૨૪મી ઓગષ્ટ ૧૮૩૩ના દિવસે પુણ્ય સલિલા તાપી તટે વસેલ સુરતમાં જન્મેલા કવિ નર્મદએ 'કલમ, હવે તો તારે ખોળે છઉં', કહીને માત્ર કલમની કમાણી પર જીવવાનો નિર્ણય કરનારે ગુજરાતી સાહિત્યમાં કવિતા, નિબંધ, કોષ, જીવન કથા સહિત પ્રથમ આત્મકથા આપનાર છે. ગુજરાતમાં સમાજ સુધારાની ચળવળને આગળ ધપાવનાર અને પ્રેમશૌર્ય અંકિત કરનારા તથા સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, કુરિવાજો સામે લડતાં લડતાં વિધવા પુનઃલગ્ન કરી "સુધારક યુગ"ના પ્રવર્તક એવા કવિશ્રી નર્મદની જન્મજયંતિ ઉજવણી પ્રસંગે તા.૨૪/૦૮/૨૦૧૭ના રોજ સવારે ૮.૩૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા અને મહાનગરપાલિકાના પદાધિકારીઓ સાથે સુરતના સપૂત કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત નવિનીકરણ કરવામાં આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન 'સરસ્વતિ મંદિર'ની મુલાકાત લઈ નર્મદ પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદના કરી હતી.

ત્યાર બાદ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો કવિશ્રી નર્મદ રચિત "જય જય ગરવી ગુજરાત"ના નારા અને શૌર્યગીતો ગાતાં કાર્યક્રમ સ્થળે આવતાં માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નર્મદપ્રેમી નગરજનો અને શાળાના બાળકોએ પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદ પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીતવૃંદે અને બાળકોએ કવિ નર્મદની કાવ્ય રચનાઓ ગાઈને સ્વરાંજલિ આપી હતી.

# **<u>પ્રેસનોટ</u>**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૩૫માં આવેલ સુરત પોસ્ટલ સોસાયટી, ઉધના માં મંજુર પ્લાન વિરૂધ્ધ માર્જીનના ભાગમાં બાંધકામ કરવામાં આવતા **આજ તા.૨૪/૦૮/૨૦૧૭** ના રોજ પ્લોટ નં. નં.૩/એમાં આશરે ૧૨૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. મિલ્કતદારો પાસેથી **વહીવટી ચાર્જ/ડિમોલીશન ડિપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે. તેમજ સાઉથ ઝોન(ઉધના)ના ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૨ પૈકી આવેલ ગુરૂકૃપા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ના પ્લોટ નં.૫ થી ૮માં **આજ તા.૨૪/૦૮/૨૦૧૭** ના રોજ આશરે ૫૩૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલવાળો પતરાનો શેડ દૂર કરવામાં આવેલ છે. મિલ્કતદારો પાસેથી **વહીવટી ચાર્જ/ડિમોલીશન ડિપોઝીટ પેટે રૂા.૨૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# યુ.સી.ડી વિભાગ

# અખબારી યાદી

## સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછાઝોન વિસ્તારમાં તારીખ:૨૪/૦૮/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

**વિષય :** તા:૨૪/૦૮/૨૦૧૭ નાં રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વરાછાઝોન ઓફિસ, સૈફી સોસાયટીની બાજુમા, લંબે હનુમાન રોડ, વરાછા, સુરતખાતે યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તારીખ:૨૪/૦૮/૨૦૧૭ ના રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વરાછાઝોન ઓફિસ, સૈફી સોસાયટીની બાજુમા, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા "સેવા-સેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. અને કોર્પોરેટરશ્રી કાંતીભાઇ ભંડેરી દ્વારા મહાનુંભાવોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ. ધારાસભ્યશ્રી જનકભાઇ બગદાણાવાળા દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવા-સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. સેવા સેતુ એટલે સરકાર લોકોનાં દ્વારે. તેમજ લોકોને વિવિધ પ્રમાણપત્રો મેળવવા પહેલા વિવિધ કચેરીઓમાં ધક્કા ખાવા પડતા હતા મીની ભારત ગણાતા સુરત શહેરમાં લોકોના દ્વારપર સેવા-સેતુ કાર્યક્રમ થકી પહોંચી લોકોને વિવિધ યોજના માટે જરૂરી

પ્રમાણપત્રો પુરા પાડ્યા છે.તેમજ માન. મુખ્યમંત્રીશ્રીનો છેવાડાનાં લોકોને લાભ આપવા આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સરકારશ્રીની અનેક યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલી રાજય સરકાર લોકોની જરૂરીયાતો માટે પુરતી સંવેદનશીલ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માન. મેયરશ્રી શ્રીમતી અસ્મીતાબેન પી. શિરોયા ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી સાશકપક્ષ નેતાશ્રી. ગીરજાશંકર મીશ્રા. ધારાસભ્યશ્રી જનકભાઇ બગદાણાવાળા. ધારાસભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા કોર્પોરેટરશ્રી કાંતીભાઇ ભંડેરી. તેમજ વિવિધ સમીતીનાં ચેરમેનશ્રીઓ તથા આ વિસ્તારનાં કોર્પોરેટરશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા કુલ ૧૭ ટેબલ અને ૬૦ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ:૮૦૫૩ લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમ"નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





